# હિસાબ નિયામકશ્રીની કચેરી

NAVSARI AGRICULTURAL UNIVERSITY
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**
**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

## પરિપત્ર

**માહે માર્ચ–૨૦૨૬ ના Bank Reconciliation Statement સાથે નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટે સેપરેટ Credit Limit બેંક એકાઉન્ટ તેમજ સેપરેટ Liquid Fund બેંક એકાઉન્ટના વાર્ષિક હિસાબી પત્રકો જમા કરાવવા બાબત.**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રીઓ તેમજ નાણાં ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીની તમામ કચેરીઓ હસ્તકના તમામ પ્રકારનાં કાર્યરત બેન્ક ખાતાનાં હિસાબોનું દર માસે બેન્ક મેળવણું કરી, તેનું **Bank Reconciliation Statement** અત્રેની કચેરી ને ઓનલાઇન રજુ કરવા અર્થે અત્રેની કચેરીના **પરિપત્ર ક્રમાંક: જા.નં. નકૃયુ/હિનિ/કંટ્રોલ/૫૪૪/૨૦૨૫ તા. ૨૯/૦૧/૨૦૨૫** થી સર્વે ને જાણ કરવામાં આવેલ છે. તેમજ યુનિવર્સિટીની તમામ કચેરીઓ હસ્તક કાર્યરત વિવિધ યોજનાઓમાં ફંડીંગ એજન્સી તરફથી આપવામાં આવતા અનુદાનના વ્યવસ્થાપન માટે ખોલવામાં આવેલ સેપરેટ **Credit Limit** બેંક એકાઉન્ટ તેમજ સેપરેટ **Liquid Fund** બેંક એકાઉન્ટ ના વાર્ષિક હિસાબી પત્રકો જમા કરાવવા અર્થે અત્રેની કચેરીના **પરિપત્ર ક્રમાંક: જા.નં. નકૃયુ/હિનિ/કંટ્રોલ/૬૩૧/૨૦૨૬ તા. ૦૨/૦૩/૨૦૨૬** થી સર્વે ને જાણ કરવામાં આવેલ છે.

ઉક્ત પરિપત્રોની વિગતે કરવાની થતી કાર્યપદ્ધતિ માં કોઈપણ ફેરફાર ન કરતા માહે **માર્ચ–૨૦૨૬** ના ઓનલાઈન જમા કરાવવાના થતા **Bank Reconciliation Statement** સાથે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ફક્ત સેપરેટ **Credit Limit** બેંક એકાઉન્ટ તેમજ સેપરેટ **Liquid Fund** બેંક એકાઉન્ટના વાર્ષિક હિસાબી પત્રકો ફરજીયાત જમા કરાવવાના રહેશે જેની સ્કેન ફાઈલ **"Annual Statement 2025-26"** નામ આપી અલગથી સ્કેન કરી સામેલ **(Upload)** રાખવાની રહેશે. **Annual Statement સામેલ કરેલ હશે તો જ માહે માર્ચ–૨૦૨૬ માટેના BRS ની એપ્રુવલ આપવામાં આવશે. જેની ખાસ નોંધ લેવું.**

*વધુમાં, BRSના ડેટા (માહિતી) ઓનલાઈન સબમિટ કરવા અર્થેનો સમયગાળો દર માસની ૧ થી ૧૦ તારીખનો ફિક્સ કરવામાં આવેલ છે. જે યથાવત રહેશે.*

**જા.નં. નકૃયુ/હિનિ/ કંટ્રોલ/૬૩૪/૨૦૨૬**
**નવસારી, તા. ૦૨/૦૩/૨૦૨૬.**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):–**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):–**

અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.